# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-01-2025** **Day: Tuesday** **Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## મહાકુંભના પ્રથમ દિવસે 1 કરોડ 50 લાખથી વધુ ભક્તોએ સ્નાન કર્યું:

પ્રયાગરાજમાં મહાકુંભના પ્રથમ દિવસે એક કરોડ ૫૦ લાખથી વધુ ભક્તો અને મુલાકાતીઓએ પવિત્ર સ્નાન કર્યું. પ્રયાગરાજમાં વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળા, મહાકુંભમાં, ભક્તોનું સ્વાગત કરવા માટે હેલિકોપ્ટરથી ફૂલોની પાંખડીઓનો વરસાદ કરવામાં આવ્યો હતો. આજે બીજા દિવસે પણ લાખોની સંખ્યામાં ભક્તો ઉમટી પડશે. આ કુંભમેળામાં ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમના વિવિધ ઘાટોમાં ભક્તોએ પવિત્ર ડૂબકી લગાવી હતી.

સરકારે આ કાર્યક્રમને સલામત, સુરક્ષિત અને યાદગાર બનાવવા માટે તમામ પ્રયાસો કર્યા છે. મહાકુંભ માટે સાત સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બે હજાર ગંગા સેવાદૂતો નદીઓ અને ઘાટોની સ્વચ્છતા સુનિશ્ચિત કરી રહ્યા છે. મહાકુંભમાં આવવા અને જવા માટે રેલવે તંત્ર દ્વારા વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------------

## ભુમિદળના વડા:

ભારતીય ભૂમિદળના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું કે દેશની ઉત્તરીય સરહદો પર સ્થિતિ સંવેદનશીલ પરંતુ સ્થિર છે. તેમણે ઉમેર્યું કે સેના કોઈ પણ પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે. સરહદી વિસ્તારમાં મજબૂત પાયાગત માળખાનું નિર્માણ એ સેનાની પ્રાથમિકતા છે.

નવી દિલ્હીમાં સેનાની વાર્ષિક પત્રકાર પરિષદ સંબોધતા તેમણે કહ્યું કે જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ નિયંત્રણમાં છે. તેમણે કહ્યું કે ગયા વર્ષે માર્યા ગયેલા 60 ટકા આતંકવાદી મૂળ પાકિસ્તાની હતા. પૂર્વ લદ્દાખ વિશે ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે, પૂર્વ લદ્દાખના ડેમચોક અને દેપસાંગમાં વિવાદાસ્પદ મુદ્દાઓનું સમાધાન લાવી દેવાયું છે.

---------------------------------------------------------------------------------------

## દેશમાં છુટક ફુગાવો ઘટ્યો:

દેશમાં ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારાનો દર ધીમો પડવાને કારણે ડિસેમ્બરમાં છૂટક ફુગાવો ઘટીને 5.22 ટકાના ચાર મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો.

ગયા મહિને તે 5.48 ટકા હતો. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ગ્રામીણ વિસ્તારોમાં ફુગાવો 5.76 ટકા અને શહેરી વિસ્તારોમાં 4.58 ટકા રહ્યો હતો.

---------------------------------------------------------------------------------------

## કરૂણા અભિયાન-પક્ષી સારવાર કેન્દ્રો:

કરૂણા અભિયાન અંતર્ગત જિલ્લામાં ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે તાલુકાકક્ષાએ કંટ્રોલ રૂમ શરૂ કરાયા છે. જીલ્લા મથક ભુજમાં રામધુન પાસે, પશુ દવાખાનું - મુંદરા રોડ, ઇન્દ્રાબાઇ પાર્કની સામે, પશુ દવાખાનું - છઠ્ઠી બારી પાસે , પી.એચ.સી સેન્ટર તેમજ માધાપર ખાતે સારવાર કેન્દ્ર કાર્યરત છે. આ ઉપરાંત ભચાઉ નોર્મલ રેન્જ, ભચાઉ-ગાંધીધામ હાઇવે, ગાંધીધામ ઝંડા ચોક, અંજાર નોર્મલ રેન્જ કચેરી, મુંદરા નોર્મલ રેન્જ કચેરી, માંડવી વન ચેતના કેન્દ્ર, અબડાસામાં નોર્મલ રેન્જ નલીયા, નખત્રાણા નોર્મલ રેન્જ કચેરી, લખપત નોર્મલ રેન્જ દયાપર, આડેસર નોર્મલ રેન્જ આડેસર, રાપર દક્ષિણ રેન્જ કચેરી અને ડાભુંડા રોડ ખાતે સારવાર કેન્દ્રમાં ઘાયલ પક્ષીનું કલેકશન કરાશે. આ વર્ષે ધોરડો-સફેદ રણ ખાતે પણ ૧ કલેકશન સેન્ટર શરૂ કરાશે.

કોઈ પણ સ્થળે ઘાયલ પક્ષીઓને ઝડપી અને યોગ્ય સારવાર આપવા માટે વન વિભાગ દ્વારા વોટ્સઅપ નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ અને ૧૯૨૬ હેલ્પલાઇન જાહેર કરાયો છે. આ નંબર પર "Hi" મેસેજ કરવાથી એક લિંક મળશે જેને ક્લીક કરવાથી જિલ્લાવાર ઉપલબ્ધ તમામ પક્ષી સારવાર કેન્દ્રોની માહિતી મળશે. આ ઉપરાંત પશુપાલન વિભાગ દ્વારા ૧૯૬૨ નંબર સેવારત છે. આ નંબરનો સંપર્ક કરી નાગરિકો અબોલ પશુ પક્ષીઓનો જીવ બચાવી શકશે.

------------------------------------------------------------------------------------

## ઉત્તરાયણની ખરીદીનો માહોલ

ઉત્તરાયણના તહેવારને  અનુલક્ષીને મોડી રાત સુધી ખરીદીનો રંગ જામ્યો હતો. પતંગ દોરા, ગોગલ્સ, ટોપી, શેરડી, બોર, ચીક્કી, મમરાના લાડવા વગેરેની ખરીદી કરવા જિલ્લાના મુખ્ય શહેરોની બજારોમાં લોકો ઉમટી પડ્યા હતા. ગત વર્ષ કરતા ચાલુ વર્ષે પતંગ અને દોરીમાં આશરે ૨૦ ટકાના જેટલો ભાવમાં વધારો જોવા મળ્યો હતો. તેમ છતાં પતંગરસીકો દ્વારા પતંગની ખરીદી  કરવામાં આવી હતી.

ઉત્તરાયણ પર્વ મનાવવા માટે જિલ્લાવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પતંગરસીયાઓ ધાબા પર પતંગ ચગાવવાની તૈયારીઓ આરંભી દીધી છે. ધાબાઓ પર પતંગ ઉડાવવાની સાથે ગીત-સંગીતની પણ પતંગ રસીયાઓ મોજ માણશે. જિલ્લાના વિવિધ શહેરોમાં બપોર પહેલા ઉંધિયું ખરીદવા માટે પણ લોકોની ભીડ ઉમટી પડશે. તો આ દિવસે દાનનો અનેરો મહિમા હોવાથી મંદિરોમાં લોકો દર્શન કરી અને વિવિધ પ્રકારના દાન કરશે.

------------------------------------------------------------------------------------

## ઈન્ટર નેશનલ કાઈટ ફેસ્ટિવલ:

કચ્છના ધોરડો, સુરત તેમજ શિવરાજપુર બીચ ખાતે ગઈકાલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫ યોજાયો હતો.  ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ અને જિલ્લા વહીવટીતંત્ર કચ્છ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં બેલારુસ, ભૂતાન, ઈન્ડોનેશિયા, ડેન્માર્ક, હંગેરી, માલ્ટા, સ્લોવેનિયા, તુર્કી અને ટ્યૂનિશિયા એમ ૯ દેશોના આંતરરાષ્ટ્રીય પતંગબાજો ઉપરાંત મહારાષ્ટ્ર,

સિક્કીમ, પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોના મળી કૂલ ૫૦ થી વધુ પતંગબાજોએ અવનવી ડિઝાઇનની પતંગો સાથે સફેદ રણના આકાશમાં અનેરૂં આકર્ષણ જમાવ્યું હતું.

------------------------------------------------------------------------

ઠંડી:

જીલ્લામાં ઉતરાદા ઠંડા પવન ફૂંકાતાં મહત્તમ તાપમાન ઘટ્યું હતું જેના પગલે દિવસે પણ ઠંડો અનુભવ થયો હતો. નલિયા 8.8 ડિગ્રી સાથે રાજ્યમાં પ્રથમક્રમે રહ્યુ હતું.

------------------------------------------------------------------------